# ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો એનર્જી કોલેજ દ્વારા "ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી" વિષય પર ટૂંકા ગાળાનો તાલીમ કાર્યક્રમ યોજાયો

ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો એનર્જી મહાવિદ્યાલય દ્વારા તા. ૮-૨-૨૦૧૭ થી ૧૦-૨-૨૦૧૭ સુધી ૩ દિવસનો તાલીમ કાર્યક્રમ "ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી" વિષય પર આયોજીત કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં દાહોદ, પંચમહાલ, આણંદ, ખેડા જિલ્લાના ૩૦ ખેડુત ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો. તાલીમ કાર્યક્રમની શરૂઆતમાં ડો. ડી. સી. જોષી , કોલેજના આચાર્ય અને ડીન શ્રીએ તાલીમાર્થીઓને આવકારી તાલીમ યોજવા પાછળનું મહત્વ અને તેની સાંપ્રત સમયમા અગત્યતા સમજાવી , તેમજ જુદા જુદા કૃષિ પાકોમાં મુલ્ય વૃધ્ધિ અને પ્રોસેસીંગ કેવી રીતે કરી શકાય તેની માહિતી આપેલ. ત્યારબાદ વિષય નિષ્ણાતો દ્વારા જુદા-જુદા વિષયો પર પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન અને વિવિધ ખાધ્ય-પદાર્થો કેવી રીતે બનાવાય તેનો વિડીઓ બતાવી માહિતી આપેલ. આ તાલીમ કાર્યક્રમમાં ધાન્ય પાક-મુલ્ય વૃધ્ધિ અને પ્રોસેસીંગ , શાકભાજીની પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી અને તેનુ મુલ્ય-વર્ધન, શાકભાજીનું કોલ્ડ ચેઇન મેનેજમેંટ, મેંગો પલ્પ પ્રોસેસીંગ, પુનઃપ્રાપ્ય ઉર્જાનુ ફૂડ પ્રોસેસીંગમાં ઉપયોગીતા , સોલાર ડ્રાઇંગથી ફૂડ અને કૃષિ પેદાશોની સુકવણી, ટમેટાની વિવિધ બનાવટોનું પ્રોસેસીંગ, દુધ અને દુધની બનાવટો જેવા વિષયો પર તાલીમ આપવામાં આવી હતી. તાલીમના છેલ્લા દિવસે પ્રત્યક્ષ નિદર્શન દ્વારા ટામેટાનો સુપ , કેચપ કેવી રીતે બનાવ તે બતાવેલ. આ ઉપરાંત વિવિધ ફૂડ પ્રોસેસીંગ મશીનરી , ફૂડ બીઝનેસ ઇન્ક્યુબેશન સેન્ટર , લેબોરેટરી, બાયો-એનર્જી પાર્ક , બાયોગેસ પ્લાન્ટની મુલાકાત લીધેલ. સમગ્ર તાલીમ કાર્યક્રમનું આયોજન તાલીમ સંયોજક , ડૉ. એસ.એસ.કાપડી અને તાલીમ સહ-સંયોજક , કે. વી. વાળા દ્વારા આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સફળતાપુર્વક કરેલ.








Processing




CONTINUOUS FRYING LINE